અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૧-૧૦-૨૦૨૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા વદ ૧૪ વર્ષ : ૨૮ અંક ૩૪૯

જુનામાં જુનુ એટલે... ઇબ્રાહીમભાઇનું ઝનકાર બાસ બેન્ડ
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

Sheetal ANY TIME NASTA
© 73000 51000

## અમરેલીના પનોતાપુત્ર શ્રી પરશોત્તમ રૂપાલાનો આજે જન્મદિવસ

### રામ રામનો લહેકો, સૌને સાંભળવા ગામે તેવા શ્રી રૂપાલાને શતઃ જીવમ્ શરદઃ ની શુભકામના પાઠવાશે



અમરેલી, (ડેસ્કરિપોર્ટર)

શ્રી રામ જેના આદર્શ હોવા છતાયે વખત પડયે કૃષ્ણની જેમ આક્રમક બની સુદર્શન ચક્ર ઉઠાવી રાજકીય હરીફોના દાંત ખાટા કરી નાખનાર અને લોકહદયમાં પોતાનું અમીટ અને આગવુ

(અનુ. પાના નં.૭)

દરેક સ્વપ્ન થશે સાકાર
N.J. SECURITIES SINCE 1988 FOR WEALTH CREATION
તમે શેમાં કરશો રોકાણ ???
• મ્યુચ્યુઅલ ફંડ • હેલ્થ ઇન્સ્યોરન્સ
• ફિક્સ ડિપોઝીટ • ઈક્વિટી કોમોડિટી ટ્રેડિંગ
• બોન્ડ્સ • ડિમેટ સર્વિસ
• લાઈફ ઇન્સ્યોરન્સ • પી. એમ. એસ.
N. J. Securities
94295 01579
94292 01579
"શ્રીજી કૃપા", કાપડ બજાર, જુની શાકમાર્કેટ પાછળ, અમરેલી
ફોન : (02792) 220 579 - 232 579
www.njsecurities.in | info@njsecurities.in

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા – મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા – મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
100% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

Sheetal
સ્ટાફ જોઈએ છે.
અમરેલીની નામાંકિત કંપની
શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે
અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ
કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે.
રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝયુમ
નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.
95109 59957
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601

હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

## જન્મદિવસની ફાટુ ભરીને શુભકામનાઓ



અમરેલી જીલ્લામાં શ્વેત ક્રાંતિના સર્જનથી હજારો પરીવારને રોજી આપનાર
અમરડેરીના પ્રેરણા સ્ત્રોત, અને લોકશાહી જીવંત રાખવા પદયાત્રા તેમજ ટીફીન મીટીંગ દ્વારા
લોકપ્રશ્નોને વાચા આપનાર ભારતીય જનતા પાર્ટીના કુશળ સંગઠક અને મદદ પરિવારના
મોભી અને રાજકોટ લોકસભા મત વિસ્તારનાં સાંસદશ્રી
માન. શ્રી પરશોત્તમભાઈ રૂપાલા સાહેબ
ને તેમના જન્મ દિવસે ફાટુ ભરીને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવતા
અમરડેરી પરિવાર અતી હર્ષની લાગણી અનુભવે છે.
-: શુભેચ્છક :-
અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "અમર ડેરી"
માન. શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેનશ્રી : એ.જી.મ.સ.બેંક લી. / સ્થાપક ચેરમેન : અમર ડેરી
શ્રી ડૉ. આર. એસ. પટેલ – મેનેજીંગ ડિરેક્ટર
શ્રી મુકેશ સંઘાણી – વાઈસ ચેરમેન
શ્રી અશ્વિન સાવલીયા – ચેરમેન
બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ

ડૉ. ભાવેશ એમ. રામાનુજ
M.S., FMAS
જનરલ એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન
■ પેટને લગતા તમામ રોગોની સારવાર.
■ એપેન્ડીક્ષ, પિતાશય, સારણગાંઠ, આંતરડા, પેટના જટીલ ઓપરેશન, દુરબીન (લેપ્રોસ્કોપી) થી થતા ઓપરેશન.
■ થાઇરોઇડની ગાંઠની તપાસ અને ગળાને લગતા રોગોની તપાસ અને તેમના ઓપરેશન.
■ હરસ, મસા, ભગંદર તથા હાઇડ્રોસીલ (વધરાવળ) ના ઓપરેશન.
■ અકસ્માતે થતી ઇજાઓ (બ્રેઇન હેમરેજ, ચેસ્ટ ટ્રોમા) ની સારવાર.
નાઇટ માટે નર્સિંગ સ્ટાફ જોઇએ છે રૂબરૂ મળો
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડરબ્રીજ પાસે, અમરેલી
૦૨૭૯૨ - ૨૩૩૫૮૦ - ૨૨૯૫૮૦
મો.૬૩૫૩૧ ૧૩૭૭૨, ૯૪૨૯૬ ૮૯૩૮૯

બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ-અમરેલી
24/7 ઈમરજન્સી સેવાઓ ચાલુ છે.
ડૉ.અશોક એન.પરમાર M.D. MEDICINE
AB - PMJAY/MAA

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૭,૮૦૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦-૦૯-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

24/7 Emergency Services
ઈમરજન્સી સારવાર
• હૃદયરોગ - બીપી
• શ્વાસ દમ ન્યુમોનિયા
• પક્ષાઘાત - પેરાલીસ - આંચકી
• ડાયાબીટીસ - કીડની -લીવરની તકલીફ વગેરે
વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
ડૉ.રાજન કકૈયા (એમ.ડી) કન્સલટન્ટ ફીઝીશ્યન
એપોઈન્ટમેન્ટ માટે 99782 23000
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223 Mo.9978223000

ડૉ. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરધાળ સામે, અમરેલી.

## શ્રી રશ્વિનભાઇ ડોડીઆનાં નેતૃત્વમાં સહકારી ક્ષેત્રે હરણફાળ ભરી રાજ્યના પાટનગર સુધી પહોંચનાર ગાંધીનગર ખાતે

# બગસરા નાગરિક શરાફી મંડળીની સામાન્ય સભા મળી

**બગસરા નાગરિક શરાફી મંડળીની સાધારણ સભા તથા સહકારી સંમેલનમાં ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, શ્રી જે.વી. કાકડીયા, શ્રી કંચનબેન રાદડીયા સહિતે શુભકામનાઓ પાઠવી**

**સહકારી અગ્રણી શ્રી શરદભાઇ લાખાણી, શ્રી ભરતભાઇ ચૌહાણ, શ્રી લાલભાઇ નાકરાણી, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને શ્રી જીતુભાઇ વ્યાસ અગ્રણીઓની ઉપસ્થિતીમાં પ્રગતિ અને પ્રવૃતિનો અહેવાલ અપાયો**


























અમરેલી,

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ૪૦મી વાર્ષિક સાધારણ સભા ગાંધીનગર મુકામે મંડળીના સ્થાપક ચેરમેનશ્રી રશ્વિનભાઇ ડોડીઆના અધ્યક્ષ સ્થાને સભાસદોની વિશાળ સંખ્યામાં યોજાયેલ. જેમાં મંડળીનો વર્ષ ૨૦૨૩/૨૨૪ નો બિઝનેશનો સંપૂર્ણ અહેવાલ સભાસદો સમક્ષ મુકવામાં આવેલ અને મંડળીએ કરેલ રૂગ. ૪.૨૧ કરોડના નફામાંથી ૧૫% ડીવીડન્ડ અને સભાસદોને આપવાનો નિર્ણય કરવામાં આવેલ. અને સભાસદોને સવલત સાથેના નિર્ણયો કરવામાં આવેલ અને મંડળીની વર્ષ ૨૦૨૪થી ૨૦૨૯ સુધીના ૫ વર્ષ માટે ચૂંટણી અધિકારી શ્રી રાજેશભાઇ દેવલુકે શ્રી રશ્વિનભાઇ ડોડીઆ, શ્રી સુરેશભાઇ પાઘડાળ, શ્રી પ્રકાશભાઇ ભરખડા, શ્રી રામજીભાઇ અમરેલીયા, ઈન્દૂકુમાર ખીમસુરીયા, સંખાભાઇ ગમારા, જે.ડી. રંગપરીયા, શ્રી પરેશભાઇ ભરખડા, શ્રી સંજયભાઇ શ્રી શાંતિલાલ પરમાર, શ્રી નરેન્દ્રપુરી ગોસાઇ, શ્રી જયેશભાઇ વિઠલાણી, શ્રી ખોડાભાઇ માલવીયા, શ્રી અશોકભાઇ જોષી, શ્રી જયસુખભાઇ ધંધુકીયા, શ્રી રમેશભાઇ પટેલ, શ્રી ગૌતમભાઇ દરજી, શ્રી અનુરાગભાઇ શર્મા, શ્રી હિંમતભાઇ પટેલ, શ્રી દિપાલીબેન સોલંકી ને બિનહરીફ ડીરેકટર તરીકે જાહેર કરેલ અને વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૯ સુધીના ચેરમેન તરીકે પુનઃ શ્રી ડોડીઆની નવા ડીરેકટર બોર્ડ દ્વારા વરણી કરવામાં આવેલ. અને સહકારી નિયમ મુજબ તજજ્ઞ ડીરેકટર તરીકે અમદાવાદના ધારાસભ્ય શ્રી કંચનબેન રાદડીયા અને જિલ્લા પંચાયતના પૂર્વપ્રમુખ શ્રી શરદભાઇ લાખાણીની વરણી કરવામાં આવેલ. સાધારણ સભા બાદ યોજાયેલ સહકારી સંમેલનમાં પૂર્વ કેન્દ્રીયમંત્રી અને રાજકોટના સાંસદશ્રી પરશોતમભાઇ રૂપાલાના અધ્યક્ષસ્થાને આ સંમેલન યોજાયેલ. તકે શ્રી રૂપાલા સાહેબે સહકારી પ્રવૃતિથી સમાજના છેવાડાના માણસ સુધી સહકારી પ્રવૃતિ થકી સેવા શકય છે અને શ્રી અરવિંદભાઇ મણીઆરને ગમતી સહકારી પ્રવૃતિને સાથે રાખી અને સભાસદોના ૪૦ વર્ષથી વિશ્વાસ થકી બગસરા થી ગાંધીનગર સુધીની સફરના સારથી શ્રી રશ્વિનભાઇ ડોડીઆને અભિનંદન પાઠવેલ અને મંડળી વધુ વિકાસ અને પ્રગતિ તરફ વધે અને આ પ્રવૃતિમાં વિવિધ યોજનાઓ થકી સભાસદોને લાભની વાત હશે ત્યાં રીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ સુધી વાત પહોં અને શકય મદદ કરવા કોલ આપવામાં આવેલ. આ તકે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલે ગાંધીનગરમાં બગસરાની આ મંડળી નવી શાખા શરૂ કરી રહી છે તેને અભિનંદન સાથે શકય તમામ મદદ જણાવેલ.

આ સંમેલનમાં ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા, અવધ શરાફી મંડળીના ચેરમેન શ્રી ભરતભાઇ ચૌહાણ, જિલ્લા પંચાયત અમરેલીના પૂર્વ પ્રમુખ શ્રી શરદભાઇ લાખાણી, ગાંધીનગર ભા.જ.પ. મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સહકારી ચેતનાના તંત્રીશ્રી જીતુભાઇ વ્યાસ, અમરેલી જિલ્લા બેંકના ડીરેકટરશ્રી લાલભાઇ નાકારણી સહીતના આગેવાનોએ મંડળીની પ્રગતિને બિરદાવેલ. આ સભામાં મંડળીના વિવિધ એમ.ડી. શ્રી વિનુભાઇ રાદડીયા, શ્રી મનોજભાઇ બોરડ, શ્રી મહેશભાઇ વ્યાસ, શ્રી હરીભાઇ ભટ્ટી, શ્રી કેતનભાઇ સોની, શ્રી પરીનભાઇ રાજપુરા, શ્રી અરવિંદભાઇ નાગ્રેચા સહીતના શાખા સેક્રેટરીશ્રીઓ તથા એડવાઈઝરી બોર્ડ મેમ્બરશ્રીઓએ સાધારણ સભા તથા સહકાર સંમેલનને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જનરલ એમ.ડી. શ્રી નિતેષ ડોડીઆ તથા જનરલ સેક્રેટરીશ્રી જી. મહેતાએ કરેલ. જયારે આભાર વિધિ શ્રી અનિરૂધ્ધભાઇ વાળા-ગાંધીનગરએ કરેલ.

**મકાન વેચવાનું છે**
2BHK પોણો વસો, 115 વાર
ત્રણ બાજુ રસ્તા ધરાવતુ
મકાન વેચવાનું છે જમીનનાં ભાવે
દલાલ ભાઇઓ આવકાર્ય
લીલીયા રોડ, રઘુનાથ-૫૮, અમરેલી
મો.૮૨૦૦૮ ૦૬૨૭૪

**સિક્યુરીટી ફિલ્ડ ઓફીસરની જરૂર છે**
સેલેરી ૨૨ હજારથી ૩૦ હજાર
લોકેશન : શાપર-વેરાવળ, મેટોડા, મોરબી, રાજકોટ
સંપર્ક : મો. ૯૮૨૫૩ ૨૬૩૦૮, ૯૧૦૪૦ ૪૧૩૩૩

**સિક્યુરીટી ગાર્ડની જરૂર છે**
સેલેરી ૧૨ હજારથી ૧૫ હજાર
Facility foods & Rooms
(P.F., Esic Gow.Facility)
મો.૮૭૩૫૦ ૦૫૬૬૬, ૮૭૩૫૦ ૦૪૯૯૯

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

**મકાન વેચવાનું છે**
સ્ટેશન રોડ ઉપર, હાઉસીંગ બોર્ડ
સોસાયટીમાં કોર્નરનું પ્લોટ એરીયા
અડધા વસો, ૪ રૂમ, ૨ કિચન,
૨ ટોઇલેટ બાથ, બાલકની પેસેજ,
વોશ એરીયા ફર્નિચર સાથે બે માળનું
મો.૭૬૨૨૯૬૯૬૩૮

**શ્રી ક્રિષ્ના પેસ્ટ કંટ્રોલ**
ઉધઈથી બચો
ઉધઈની ટ્રીટમેન્ટ
કરી આપનાર
પ્રિન્સભાઇ : ૮૭૮૦૬ ૫૪૯૬૨, ભાવેશભાઇ : ૯૯૨૫૭ ૫૦૩૪૧

**ઓઇલ મીલ ભાડે આપવાની છે**
અમરેલી લાઠી, રીલાયન્સ પેટ્રોલ
પંપની પાસે આવેલ
રાજલક્ષ્મી ઓઇલ મીલ
(ચાલુ કન્ડીશન) ભાડે આપવાની છે
સંપર્ક :- મો. ૯૪૨૬૨ ૧૯૭૪૭

## સરપંચ પતિ પર લુખ્ખા તત્વોએ જીવલેણ હુમલો કર્યાની બનેલી ઘટનાનાં ઘેરા પડઘા

# સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી ઉપર હુમલો

### અજાણ્યા લોકોએ કુહાડી, ધાર્યા અને લાકડી વડે જીવલેણ હુમલો કરતા સારવાર માટે સિવીલમાં ખસેડાયા : શ્રી નારણભાઇ કાછડીયા, મેહુલભાઇ ત્રિવેદી, જીવનભાઇ વેકરીયા સહિત દોડી ગયા

### પુર્વ સાંસદના નિવેદન પ્રમાણે સંપ બનાવવાની ફાળવણી બાબતે હુમલો થયો હોવાનું અનુમાન સરપંચ પતિ શ્રી ચેતન માલાણીને સાવરકુંડલાથી વધુ સારવાર માટે અમરેલી ખસેડાયા






સાવરકુંડલા, (સૌરભ દોશી)

સાવરકુંડલા તાલુકા ભાજપના મહામંત્રીઅનેસરપંચપતિપર લુખ્ખાતત્વોનો આજે જીવલેણ હુમલો કરાયાની ઘટના બની છે. ચેતનભાઈ માલાણી સાવરકુંડલા તાલુકાનાખડસલીગામેરહેછેઅનેભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર્તા છે તેના ઉપર આજે આશરે સવારે ૧૧:૦૦ કલાકની આસપાસ કેટલાક અજાણ્યા લોકોએ કુહાડી ધાર્યાઅનેલાકડીવડેજીવણહુમલોકરીઘાયલ કર્યા છે તેમને તાત્કાલિક સાવરકુંડલા અને ત્યાંથી વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલે લાવવામાં આવ્યા છે સિવિલ હોસ્પિટલેઘટનાનીજાણથતા જ અમરેલીના ભાજપાનાપૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સાવરકુંડલા તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા અમરેલીભાજપાના કાર્યકર્તાઓનેઅગ્રણીઓ સહિતના મોટી સંખ્યામાં લોકો અમરેલી સિવિલ હોસ્પિટલે પહોંચ્યા હતા જ્યાં તેની સારવાર શરૂ કરવામાં આવી હતી સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવ્યું કે તેમના ઉપરના હુમલો જેણે કર્યોછે તેણેચેતનભાઈના કપડા કાઢી અને ઘાતક હથિયારોથી જીવ લેણ હુમલો કરવામાં આવ્યો છે.

પૂર્વ સાંસદના નિવેદન પ્રમાણે સંપ બનાવવાની ફાળવણી બાબતે હુમલો થયો હોવાનું અનુમાન છે.હાલ તાલુકા ભાજપના મહામંત્રી અને સરપંચ પતિ ચેતન માલાણીને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

પૂર્વ સાંસદ નારણ કાછડીયા, સાવરકુંડલાના ભાજપના કાર્યકર્તાઓ અમરેલી ભાજપના કાર્યકર્તાઓ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી પહોંચ્યા હતા.હાલ ચેતન માલાણી ગંભીર ઈજાઓ હોવાના કારણે બેભાન અવસ્થામાં હોય જેથી તેની સારવાર શરૂ કરી દેવામાં આવી છે સાચી હકીકત હવે તેઓ ભાનમાં આવે ત્યારે જ બતાવી શકશે. આમ ચેતન માલાણી ભાનમાં આવે ત્યારે પોલીસ તપાસ થયા બાદ જ સત્ય હકીકત બહાર આવશે. અમરેલી બાદ તેમને વધુ સારવાર માટે ભાવનગર દવાખાને લઈ જવામાં આવ્યા છે હાલ કોઈપણ પ્રકારની પોલીસ ફરિયાદ કરાઈ નથી કે કરવામાં આવી નથી કારણ કે જ્યાં સુધી ચેતન માલાણી ભાનમાં આવે અને એ જણાવે ત્યારે જ તે હુમલો કરનાર કોણ હતા? શા માટે હુમલો કરવામાં આવ્યું. આ બધા જ સવાલોના જવાબ મળશે હાલ તો માત્ર અને માત્ર અનુમાનો લગાવી શકાય છે પરંતુ આવતીકાલે આ ઘટના ઉપરથી પડદા ફાશ થશે હાલ સાવરકુંડલા તાલુકા પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે તેમજ મળતી માહિતી મુજબ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ તાલુકા પોલીસને જાણ કરી અને તાત્કાલિક પગલાં ભરવા સૂચનાઓ આપી છે તેમજ ભાવનગર ખાતે સાવરકુંડલા એપીએમસીના ચેરમેન દીપકભાઈ માલાણી અગાઉ પહોંચી ગયા છે

# ખડસલીનાં સરપંચ પતિ પર થયેલ હુમલાને વખોડતા ધારાસભ્યશ્રી મહેશ કસવાલા

### હુમલાનાં બનાવની જાણ થતા કાર્યકરો મદદ કરવા હોસ્પિટલે દોડી ગયા



અમરેલી,

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામના સરપંચ પ્રતિનિધિ અને તાલુકા ભાજપના મહામંત્રી ચેતનભાઈ ઉપર અસામાજિક તત્વો દ્વારા ગંભીર હુમલો કરવામાં આવેલ જેની જાણ ધારાસભ્ય શ્રી મહેશ કસવાલા ને થતા મહેશ કસવાલા દ્વારા તાત્કાલિક ધોરણે SP અને PI સાથે ટેલીફોનીક વાત કરી કડક પગલાં લેવા જણાવ્યુ હતુ અને હોસ્પિટલોમાં પણ સુપ્રિટેન્ડેન્ટ સાથે વાત કરી તાત્કાલિક જરૂરી સારવાર માટે પણ સૂચન કર્યા હતા. સાથો સાવરકુંડલા ભાજપના હોદ્દેદારોને પણ ટેલીફોનિક જાણ કરતા તાલુકા ભાજપ પ્રમુખ જીવનલાલ વેકરીયા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, જિલ્લા પંચાયતના સદસ્ય પુનાભાઈ ગજેરા અને ભાજપ અગ્રણી લલીતભાઈ બાળધા વગેરે તાત્કાલિક ચેતન માલાણીની જરૂરી મદદ કરવા હોસ્પિટલે પહોંચ્યા હતા અને સાથો સાથ મહેશ કસવાલા ચેતન માલાણીના પરિવારના સભ્યોને જરૂરી મદદની ખાતરી આપી હતી.

### સૌરાષ્ટ્રના અગત્યના કેન્દ્રબીંદુ એવા અમરેલી જિલ્લાના પરિવહન માટે જિલ્લાના પાંચેય ધારાસભ્યોએ બેઠક યોજી

# અમરેલી જિલ્લાના ફોરટ્રેક માટે ધારાસભ્યોની મુખ્યમંત્રીને રજુઆત

### શ્રી વેકરિયા, શ્રી કસવાળા, શ્રી સોલંકી, શ્રી કાકડીયા શ્રી તળાવિયાની મુખ્યમંત્રીશ્રી પટેલને રજુઆત

અમરેલી,અમરેલી જિલ્લાનાં હાઈવેને ફોરટ્રેકમાં રૂપાંતરીત કરવા માટે અમરેલીના પાંચેય ધારાસભ્યોએ આજે ગાંધીનગરમાં બેઠક યોજી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલને રજુઆત કરી હતી. અમરેલી જિલ્લાના વિકાસ માટે પહેલી જ વખત ગાંધીનગરમાં એક સાથે મળીને ધારાસભ્યશ્રીઓ દ્વારા અભુતપુર્વ કામગીરી કરાઈ રહી છે આજે અમરેલીના ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક શ્રી કૌશીક વેકરીયા અને સાવરકુંડલાના ધારાસભ્ય અને પ્રદેશના આગેવાન શ્રી મહેશ કસવાળા, ધારીના ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા, રાજુલાના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી, લાઠીના ધારાસભ્ય શ્રી જનક તળાવીયાએ અમરેલી જિલ્લાના પરિવહન માટે ખુબ જ જરૂરી એવા ફોરટ્રેક માર્ગ માટેની સમિક્ષા કરી હતી અને તેમાં રંઘોળાથી વલભીપુર સુધી તથા ચાવંડથી અમરેલી, બાબરાથી ચિતલ થઈને અમરેલી ના ફોરટ્રેક રોડ અને જાફરાબાદના ટીંબીમાં એપ્રોચ રોડની કામગીરી માટે સંયુક્ત રીતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી હતી.

## બાબાપુર વિસ્તારમાં વરસાદથી અનેક રસ્તાઓનું ધોવાણ



બાબાપુર, (હસમુખભાઈ રાવળ)શેત્રુંજી નદી બહુ ભયંકર આજે બે કાંઠે વહેતી થઈ છે ઉપર બહુ વરસાદ હોવાથી ઘણા બધા રસ્તા ધોવાણ થઈ ગયું હોવાથી સરંભડા ગ્રામજનોને તરવડા મેડી સરંભડા ગ્રામજનોને ફરીન ફરીન વાયા તરવડામેડી વાડીઓવાળાને તેમજ તેમજ સામા કાંઠે વિદ્યાર્થીઓને બહુ મુશ્કેલી થાય છે ભણવાની તેમજ ઘણા બધા ખેડૂતો ને બહુ નુકસાન થયું છે વરસાદ થી ખેડૂતો માં ચિંતા નું મોજું ફરી વળતાં નિરાશ થયા છે આખા અમરેલી જિલ્લાના ગામડામાં ગામડામાં અમરેલી જિલ્લાના ગામડાઓમાં નુકસાન બહુ થયું છે.

### શ્રી વ્રજભાગીરથી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# દેવકા વિદ્યાપીઠમાં જ્ઞાન કળશ પ્રદર્શન યોજાયું

### લોકજાગૃતિ માટે પ્રોજેક્ટ પ્રદર્શનમાં ૯૫૦ બાળકોએ ભાગ લીધો







રાજુલા, (અશોક સાંખટ)

દેવકા વિદ્યાપીઠમાં જ્ઞાન કળશ પ્રદર્શન ભવ્ય રીતે રાજુલા તાલુકાના દેવકા ગામે દેવકા વિદ્યાપીઠ ખાતે જ્ઞાન કળશ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવેલું જેમાં શ્રીવ્રજભાગીરથી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી દેવકા વિદ્યાપીઠમાં જ્ઞાન કળશ પ્રદર્શન ભવ્ય રીતે યોજાયું જેમાં વિજ્ઞાનના અવનવા પ્રોજેક્ટ ગણિત ને સરળતા થી સમજાય તે માટેના પ્રોજેક્ટ તેમજ કોયડા ગુજરાતી અંગ્રેજી ભાષાનું વ્યાકરણ સરળતાથી સમજાય તે પ્રોજેક્ટ લોક જાગૃતિ માટે અંધશ્રદ્ધા નિવારણના વિવિધ પ્રયોગો વગેરે પ્રોજેક્ટ પ્રદર્શનનું આયોજન આ દેવકા વિદ્યાપીઠ ખાતે કરવામાં આવેલ જેમાં દેવકા વિદ્યાપીઠના તમામ કુલ ૯૫૦ જેટલા બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ડોકટર નિલેશભાઈ કળસરિયા દ્વારા કરવામાં આવેલ આ તકે કુલ ૪૦ શાળાઓના પ્રિન્સિપાલ શ્રી વિવિધ શિક્ષણ સમાજ શ્રેષ્ટીઓ સરપંચશ્રીઓ ગામ ના આગેવાનો વાલીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન દેવકા વિદ્યાપીઠના આચાર્ય બેલાબેન નાયક તથા ડિરેક્ટર હરેશભાઈ જેઠવા દ્વારા આપવામાં આવે આ કાર્યક્રમમાં પૂજય ભાઈશ્રીએ આશીર્વચન પાઠવ્યા હતા શાળાના ચીફ કો-ઓર્ડીનેટર ડી એસ ગોયાણીએ આ કાર્યક્રમમાં તમામને અભિનંદન પાઠવ્યા હતા અને આ કાર્યક્રમમાં સફળ રહેલ હતો.

## ડેડાણ સેવા સહકારી મંડળીની સાધારણ સભા મળી

### મંડળીમાં ચાર સભ્યોની સર્વાનુમતે બિનહરિફ વરણી



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ડેડાણ સેવા સહકારી મંડળી લી. તા.૨૯-૯ના રોજ સાધારણ સભા મળી તેમાં નવા ચાર સભ્યોની સર્વાનુમતે બીનહરીફ વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે વસંતરાય ડી. દોશીની પણ વરણી કરવામાં આવી છે. જેને સર્વેએ આવકારેલ છે અને ખુશી વ્યકત કરેલ છે.મણીશંકર હરીશંકર જોષી તથા સુરેશભાઈ રાણાભાઈ નસીત તથા મનસુખભાઈ મગનભાઈ સાવલીયા, હિંમતભાઈ જમાલખાભાઈ પઠાણ તથા ભાણાભાઈ અરજણભાઈ મકવાણા, ઈબ્રાહીમભાઈ તાજભાઈ ગોરી, ચેતનકુમાર કાંતીલાલ જાની, બાબુભાઈ નાનજીભાઈ મકવાણા, બીજલભાઈ દેવશીભાઈ વીંજુડા, ફાતમાબેન ઈસાકભાઈ ટાંક, હરીશચંદ્રભાઈ સામતભાઈ કોટીલા, રમેશગીરી લાલપરી ગોસાઈ, ઘનશ્યામભાઈ મધુભાઈ કચ્છી, સતારભાઈ ઈસાકભાઈ ટાંક, અયુબખાભાઈ નિજામખાભાઈ પઠાણની બિનહરીફ સર્વોના મતે વરણી કરવામાં આવી હતી.






**-:: જાહેર નોટીસ ::-**

હું હિરેનકુમાર સી.મકવાણા એડવોકેટ અમારા અસીલની સુચના અને ફરમાઇશ અનુસાર અમારા અસીલ મિલ્કતની લાંબા ગાળાની લીઝ લેવાનો ઇરાદો ધરાવે છે. જેની વિગતો નીચે પરિશિષ્ટ ('સંપતિ') માં ઉલ્લેખીત છે અને જેની માલીકી (૧) પ્રતાપભાઇ ભીમભાઇ ખુમાણ (૨) બાબાભાઇ ભીમભાઇ ખુમાણ ગામ : લુણસાપુર, તા.જાફરાબાદ, જી.અમરેલી.

મિલ્કતમાં કોઇપણ વાંધાઓ, વિવાદો, દાવાઓ અથવા અન્ય કોઇ અધિકારના શિર્ષક અથવા હિતના કિસ્સામાં સબંધીત વ્યક્તિ અથવા એન્ટિટીએ પર્યાપ્ત સહાયક પુરાવા સાથે લેખીતમાં નોટીસ મોકલવી અથવા સબમીટ કરવી જોઇએ, વ્યક્તિગતરૂપે અથવા રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા નીચે સહી કરનારના સરનામે આ નોટીસની તારીખથી ૭ દિવસની અંદર આમ કરવામાં નિષ્ફળતાને મિલ્કતમાંના કોઇપણ દાવાઓ, અધિકારો, શિર્ષકદાર હિતોની માફી માનવામાં આવશે. નિર્ધારીત સમય મર્યાદામાં કોઇપણ વાંધાઓ, વિવાદો અથવા દાવાઓ પ્રાપ્ત ન થવાના કિસ્સામાં અમારા અસીલ પ્રોપર્ટીની લાંબા ગાળાની લીઝ મેળવવા માટે આગળ વધશે તો કૃપા કરીને આ સુચનાની નોંધ લેવી.

-:: પરિશિષ્ટ ::-

જિલ્લો - અમરેલી, તાલુકા - જાફરાબાદ, ગામ - લુણસાપુર, રેવન્યુ ખાતા નં.૧૦૧૩, રેવન્યુ સર્વે નં.૧૫૯/પૈકી ૨, હે.આરે. ૪-૨૩-૯૧ ચો.મી.

તારીખ : ૩૦-૦૯-૨૦૨૪

હિરેનકુમાર સી.મકવાણા-એડવોકેટ
અમરેલી, એસ-૧૫, સિલ્વર પેલેસ, સ્ટેશન રોડ,
અમરેલી, જી.અમરેલી - ૩૬૫૬૦૧ મો.૯૪૨૮૬ ૧૬૧૭૭

હિરેનકુમાર સી.મકવાણા
એડવોકેટ

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૨૩/૨૦૨૪

અરજદાર :- શ્રી ધાખડા મંગળુભાઈ નનકાભાઈ રહે.ઉચૈયા, તા.રાજુલા

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ઉચૈયા ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ઉચૈયા ગામના શ્રી ધાખડા મંગળુભાઈ નનકાભાઈએ તેમના માતા નામે સ્વ.શ્રી કમબાઈબેન નનકાભાઈ ધાખડાનું મરણ તા.૦૨-૦૨-૨૦૦૧ ના રોજ ઉચૈયા મુકામે મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી આર.વી.ધાખડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૯-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૨૯-૦૮-૨૦૨૪

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૨-૨૦૨૪............મુ.તા.૧૭-૧૦-૨૦૨૪

અરજદાર : કાંતુબેન દુલાભાઈ સોલંકી રહે.આંબલીયાળા, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી એમ.એ.પઠાણ

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી આંબલીયાળા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના ભાઈ વિનુભાઈ દુલાભાઈ સોલંકીનું અવસાન તા.૨૨-૧૦-૨૦૧૧ નારોજ ગામ આંબલીયાળા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના ભાઈના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૭-૧૦-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |













AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૧-૧૦-૨૦૨૪ મંગળવાર

# દુનિયાની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓમાં ચીનની ૨૪ કોલેજ-યુનિ.ઓ છે ને ભારતની એક પણ નહિ

શિક્ષણનું પતન પ્રલય લાવી શકે એવા મતલબની ઉકિત ઘણા વર્ષો પહેલા ચાણકય કહી ગયા હતા. એમણે કહેલા પ્રખ્યાત વિધાનમાં નિર્માણને બદલે વિકાસ શબ્દ વાપરવામાં આવ્યો હોત તો ચાણક્યની શીખ ભારત સરકાર દ્વારા યાદ રાખવામાં આવી હોત અને ભારતના શિક્ષણનો આ રકાસ થયો ન હોત. ભારત એક વૈશ્વિક તાકાત તરીકે ઉભરી રહ્યું છે એવી જાહેરાતો કરવામાં આવે છે એવા સમયમાં જ ટાઈમ્સ હાયર એજયુકેશનના વિશ્વની ટોપ યુનિવર્સિટીના લિસ્ટમાં ભારતની એક પણ યુનિવર્સિટી નથી.

ઈ. સ. ૨૦૧૨ પછી પહેલી વખત એવું થયું કે ભારતની એક પણ શિક્ષણ સંસ્થા ટોચની ત્રણસો શિક્ષણ સંસ્થાની યાદીમાં પોતાનું સ્થાન બનાવી શકી નથી. એકસો ત્રીસ-ચાલીસ કરોડની વસ્તી ધરાવતી સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશ માટે આ શરમજનક વાત ન કહેવાય? રાષ્ટ્રપતિ મુર્મુએ આ વાત તાજેતરમાં એક દીક્ષાન્ત સમારોહમાં ભારે અફસોસ સાથે કહેલી છે.

ગયા વર્ષે બેંગ્લોરની સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ ટોપ ૩૦૦માં હતી. આ વર્ષે તેનો ક્રમાંક યાદીમાં નીચો ઉતરીને ૩૦૧-૩૫૦ના સ્લોટમાં આવી ગયો છે. ભારતની બે આઈઆઈટી-ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીની રોપર અને ઈન્દોર ખાતેની સંસ્થાઓ છેક ૩૫૧-૪૦૦ ના ગ્રુપમાં ધકેલાઈ ગઈ છે. મુંબઈ અને દિલ્હીની આઈઆઈટી કરતા પણ ઈન્દોર અને રોપરની આઈઆઈટી સંસ્થાઓ એટલે વધુ રેન્ક લઈ જાય છે, કે ત્યાંની સંસ્થાઓમાં રિસર્ચ પર વધુ ભાર મુકાય છે.

કોઈ પણ આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ એ જ શિક્ષણ સંસ્થાનું મહત્ત્વ વધુ ગણાય જેમાં સંશોધનકાર્યને ઉત્તેજન આપવામાં આવતું હોય. જે સંસ્થાના વિદ્યાર્થીઓના વધુને વધુ સંશોધનપત્રો એટલે કે રિસર્ચ આર્ટિકલ ઓથેન્ટિક ઈન્ટરનેશનલ જર્નલમાં પ્રસિદ્ધ થયા હોય તે સંસ્થાનું પલ્લુ હંમેશા ભારે રહે. સંશોધનની ડિમાન્ડ છે, ડિગ્રીની નહિ. ભારતીય સંસ્થાઓ અહીં ગોથાં ખાતી રહે છે.

ભારતનું મુખ્ય હરીફ પાકિસ્તાન છે એવી ભ્રમજાળ ભલે ઊભી કરવામાં આવી હોય પરંતુ ગ્લોબલ પ્લેટફોર્મ પર આર્થિક, રાજકીય, ઔદ્યોગિક અને શૈક્ષણિક સ્તરે ભારતનું મુખ્ય હરીફ ચીન છે. શિક્ષણની બાબતમાં અત્યારે ચીન આપણાથી આગળ છે. ચીનની ચોવીસ યુનિવર્સિટી ટોપ ૩૦૦ યુનિવર્સિટીમાં સમાવેશ પામી છે. એશિયાના એક પણ દેશની આટલી બધી શિક્ષણ સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડી શકી નથી.

ચીનની અમુક કોલેજોની એડમિશન લેવા માટેની એન્ટ્રન્સ એકઝામ એટલી કઠિન હોય છે કે આજ સુધી એમાં એક પણ પ્રોફેસર કે વિદ્યાર્થી પૂરા માર્કસ લાવી શકયા નથી. ચીન પોતાના શિક્ષણ ક્ષેત્રની લશ્કરી શૈલીથી કાયાપલટ કરવામાં સફળ નીવડ્યું છે. સિલિકોન વેલીની આઈટી કંપનીઓમાં સૌથી વધુ સંખ્યા ચીની સંશોધકો અને કર્મચારીઓની છે.

મુંબઈ, દિલ્હી અને ખડગપુરની આઈઆઈટીમાં તો વિદેશી વિદ્યાર્થીઓ પણ ભણવા માટે આવતા હોય છે. ફિલ્મોમાં પણ આઈઆઈટી બોમ્બે કે આઈઆઈટી દિલ્હીના વાતાવરણનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. પરંતુ હવે આ બધી આઈઆઈટી ટાઈમ્સ હાયર એજયુકેશનની યાદીમાં ૪૦૧-૫૦૦ ના સ્લોટમાં પહોંચી ગઈ છે. જો કે ગયા વર્ષે તો આ સંસ્થાઓ ટોપ ફાઈવ હન્ડ્રેડમાં પણ ન હતી. આઈઆઈટી ગાંધીનગર પહેલી વખત આ યાદીમાં આવી અને ટોપ ૬૦૦માં તેણે સ્થાન મેળવ્યું.

નવાઈની વાત એ છે કે થોડા સમયથી જે યુનિવર્સિટીના અમુક વિદ્યાર્થીઓને દેશદ્રોહીનું લેબલ અમુક ન્યુઝ એન્કરો લગાવતા હતા એ યુનિવર્સિટી એટલે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી પહેલી વખત ટાઈમ્સની આ યાદીમાં આવી. ભારતીય શિક્ષણનું સ્તર ઘટ્યું છે પણ જે યુનિવર્સિટીના અમુક વિદ્યાર્થીઓ ઉપર ભારત વિરોધી નારા લગાવવાનો આરોપ મુકાયો હતો એ યુનિવર્સિટીનું શૈક્ષણિક સ્તર ઊંચું આવ્યું. ચાણકયની વાત સત્તાધીશોએ ભૂલવા જેવી નથી. પ્રજાએ પણ એ વાત ભૂલવી ન જોઈએ કે પ્રલય અને નિર્માણ શિક્ષકના ખોળામાં રમતા હોય છે. કથળતું જતું શિક્ષણ એ સમાજના પતનની શરૂઆત છે. શિક્ષણ પાયો છે. પાયામાં લૂણો લાગે તો સમાજ અને દેશની આખી ઈમારત પડી ભાંગે. ભારતની ભાવિ પેઢીઓ જો મહા મેધાવી તથા બુદ્ધિપ્રભાયુક્ત શિક્ષણથી વંચિત રહેશે તો દેશનું શું થશે? ભારતના શિક્ષણજગતે અત્યારે સ્વઅધ્યયન કરવાનું છે કે એવા તો કયા કારણો છે કે આજની તારીખે પણ ઓકસફોર્ડ યુનિવર્સિટી ટોચ ઉપર છે ? કેમ અમેરિકા શિક્ષણમાં મેદાન મારી જાય છે? તક્ષશિલા અને નાલંદા મહાવિદ્યાલયોના ભવ્ય વારસાના માત્ર ગુણગાન ગાવાથી નહીં ચાલે. ભારતીય શિક્ષણને ગ્લોબલ સ્તરે પહોંચાડવાની બધી ટ્રેન આપણે ચૂકી ગયા છીએ.

## અમરેલી જીલ્લામાં કમોતના બનાવોમાં ચિંતાજનક વધારો

# અમરેલી જીલ્લામાં અપમૃત્યુના ૬ બનાવો

### તાજપર અને દાતરડીમાં યુવાન-પ્રૌઢનું વિજશોક લાગતા , લાઠી અને કાચરડીમાં પરિણીતા તેમજ યુવાનનું ઝેરી દવા પી જતા, જાફરાબાદના દરીયામાં હોડી ઉંધી વળતા પ્રૌઢનું , સીમરણમાં પરીણીતાનું પ્રસુતી બાદ મોત થયાં

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

અમરેલી જીલ્લામાં યમરાજાએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ દિનપ્રતિદિન કમોતના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે.છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જુદા જુદા સ્થળોએ વધુ કમોતના ૬ બનાવો પોલિસ મથકમાં જાહેર થયા હતા.તાજપરમાં યુવાનનું વિજશોક લાગતા ,લાઠીમાં યુવાનનુંઝેરીદવાપીજતાદાતરડીમાંપ્રૌઢનું વિજશોકલાગતા, જાફરાબાદનાદરીયામાં હોડી ઉંધી વળતા પ્રૌઢનું , સીમરણમાં પરીણીતાનુંપ્રસુતા બાદ ,કાચરડીમાં ઝેરી દવાપીજતાપરીણીતાનુંમોતનિપજયુંહતું.

લાઠી તાલુકાના તાજપર ગામની સીમમાં રાહુલભાઈ ઘનશ્યામભાઈ ઉર્ફે મોબતસિંહ ભીખાભાઈ સોલંકી ઉ.વ. ૩૦ પોતાની વાડીએ ઓરડીમાં રાખેલ મોટરનું ખુલ્લું સ્ટાર્ટર શરૂ અથવા બંધ કરવા જતા વિજશોક લાગવાથી મોત નિપજયાનું ઘનશ્યામભાઈ ઉર્ફે, મોબતસિંહ ભીખાભાઈ સોલંકીએ લાઠી પોલિસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં લાઠી તાલુકાના દુધાળા ગામે બાલાભાઈ રછોડભાઈ પડસાળાની વાડીએ પ્રતિકભાઈ મુકેશભાઈ બગડા ઉ.વ. ૨૫ શીવધારા મીલમાં કામ કરતા હોય. મજુરી કામના પૈસા ઘરે આપતો ન હોય. જેથી તેના પિતાએ ઠપકો આપતા પોતાને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પીજતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મુકેશભાઈ નાનજીભાઈ બગડાએ લાઠી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.ત્રીજા બનાવમાં રાજુલા તાલુકાના દાતરડી ગામે રહેતા મુળ ઓરીસ્સાના વલ્ટર રંજન તીડુ ઉ.વ. ૪૨ એકવા કલ્ચર જીંગા ફાર્મમાં મજુરી કામ કરતા હોય. તે દરમ્યાન વિજશોક લાગવાની મોત નિપજયાનું દિલિપ થોમસ ડાંગે ડુંગર પોલિસ મથકમાં જાહેર કરેલ છે.ચોથા બનાવમાં જાફરાબાદ જુના પુલ પાસે દરીયામાં યાંત્રિક મશન વગરની હોડી લઈ નથાભાઈ લખમણભાઈ સોલંકી ઉ.વ. ૪૦ જુના પુલ પાસે દરીયાના પાણીમાં મચ્છીમારી કરવા જતા હોડીને મોજાનો ધકકો લાગતા હોડી ઉંધી પડી જતા દરીયાના પાણીમાં પડી જવાથી શ્વાસ રુંધાઈ જતા મોત નિપજયાનું રમેશભાઈ લખમણભાઈ સોલંકીએ જાફરાબાદ મરીન પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

પાંચમાં બનાવમાં સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામે રહેતી તેજલબેન શૈલેષભાઈ બગડાને તા. ૨૫-૯ ના પ્રસુતાની પીડા થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સીજેરીયનથી બાળકનો જન્મ થયા બાદ તા. ૨૭-૯ ના બેભાન થતા અમરેલી એઈમ્સ હોસ્પિટલમાં અને બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું શૈલેષભાઈ પાચાભાઈ બગડાએ સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં જાહેર કરેલ છે. છઠા બનાવમાં લાઠી તાલુકાના કાંચરડી ગામે રહેતી મુળ પંચમહાલ જીલ્લાની કિંજલબેન સુભાષભાઈ મુનીયા ઉ.વ. ૨૨ દિલિપભાઈ લાલજીભાઈ ખીચડીયાની વાડીએ કિંજલબેન પાણી ભરવા માટે જતા રસ્તામાં આગળ આગળ દોડતા હોય. જેથી પતિએ આમ નહી દોડવા સમજાવતા પોતાને લાગી આવતા પોતે પોતાની મેળે વાડીએ આવી ઘરે રૂમમાં કપાસમાં છાંટવાની ઝેરી દવા પીજતા પ્રથમ દામનગર અને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજયાનું પતિ સુભાષભાઈ કલ્યાણસિંહ મુનીયાએ દામનગર પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# ધારી નજીક વિરપુરથી વાદળીયાની સીમમાં સાત ખેડુતોના ફુવારા ચોરાયા

**તસ્કરોએ પાણીના ફુવારા રૂા. ૧૩,હજાર ઉપરાંતના ચોરી ગયા**

**અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)** ધારી તાલુકાના વીરપુરથી વાદળીયા તરફ જવાની સીમમાં મધુભાઈ વલ્લભભાઈ ચોડવડીયાની વાડીમાં ૧૦ નંગ ફુવારા રૂ/.૨૦૦૦ , વિનુભાઈ રાજાભાઈ સુતરીયાની વાડીમાંથી ૯ નંગ ફુવારા રૂ/.૧૮૦૦ , રમેશભાઈ હરજીભાઈ ચોડવડીયાની વાડીમાંથી ૧૦ નંગ ફુવારા રૂ/.૨૦૦૦ માવજીભાઈ રૂડાભાઈ દાફડાની વાડીમાંથી ૧૫ નંગ ફુવારા રૂ/. ૨૨૦૦, ખોડાભાઈ ગોવિંદભાઈ દાફડાની વાડીમાંથી ૧૦ નંગ ફુવારા રૂ/.૨૦૦૦ , ભીખુભાઈ શંભુભાઈ કાથરોટીયાની વાડીમાંથી ૧૬ નંગ ફુવારા રૂ/.૨૩૦૦ , છગનભાઈ રાજાભાઈ સુતરીયાની વાડીમાંથી ૬ નંગ ફુવારા રૂ/.૧૦૦૦ મળી કુલ રૂ/.૧૩,૩૦૦ ની માલમતાની ચોરી કરી લઈ ગયાની જયસુખભાઈ છગનભાઈ સુતરીયાએ ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વિજપડીમાં મોબાઈલની દુકાનમાંથી રોકડ રકમ અને મોબાઈલ ચોરાયો

**મોબાઈલ અને રોકડ મળી રૂા.૯ હજારની ચોરી**

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે બજરંગ મોબાઈલની દુકાનમાંથી તા. ૧૮-૯ સાંજથી તા. ૧૯-૯ સવાર સુધીમાં કોઈ તસ્કરોએ દુકાનની પાછળ બાખોરું પાડી અંદર પ્રવેશી વીવો કંપનીનો રૂ/.૭૦૦૦ નો મોબાઈલ તથા દુકાનના ગલ્લામાં પડેલ રોકડ રૂ/.૨૦૦૦ મળી કુલ રૂ/.૯૦૦૦ ની ચોરી કરી ગયાની રાહુલભાઈ વાસુરભાઈ બંધીયાએ સાવરકુંડલા રૂરુલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધરાઈમાં બે દુકાનોમાંથી મોબાઈલ તેમજ માતાજીના મઢમાંથી તસ્કરોએ હાથફેરો

**કરીયાણાનો સરસામાન , રોકડ , બે મોબાઈલ, ચાંદીના છતર મળી રૂા.૧૪ હજાર ઉપરાંતની ચોરી**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બાબરા તાલુકાના ધરાઈ ગામે ધીરૂભાઈ રવજીભાઈ રામાણીની કરીયાણાની દુકાનમાંથી કોઈ તસ્કરોએ તા. ૧૧-૯ની રાત્રિથી ૧૨-૯ સવાર સુધીમાં કરીયાણાનો સરસામાન રૂ/.૧૯૫૦ , રોકડ રૂ/.૭૦૦ તેમજ અન્ય ઈલેક્ટ્રીકની દુકાનમાંથી રોકડ રૂ/.૧૫૦, રોહિતભાઈ થાનસિંહભાઈ તથા થાનસિંહભાઈ અમરસિંહભાઈના બે મોબાઈલ રૂ/.૭૦૦૦ તેમજ વાવડી ગામે આવેલ રાદડીયા પરીવારના માતાજીના મઢમાંથી ચાંદીના છતર ૩ નંગ રૂ/.૪૫૦૦ મળી કુલ રૂ/.૧૪,૩૦૦ ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ધીરૂભાઈ રામાણીએ બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી

## જાફરાબાદમાં મોબાઈલ ચોરાયો

અમરેલી જાફરાબાદમાં સચીનભાઈ લખમણભાઈ વંશ તથા તેમના ભાઈ રૂપેશભાઈ સુતા હતા ત્યારે વીવો કંપનીનો રૂ/.૩૦,૦૦૦ કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની જાફરાબાદ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારીના ધારગણીની સીમમાં યુવતિ ગુમ

અમરેલી,ધારી તાલુકાના ધારગણી ગામની સીમમાં મુળ મહુવા તાલુકાના નીચા કોટડા ગામની યુવતિ તા. ૨૩-૯ ના કપાસ વીણવાનું કામ કરતી હતી. ત્યારે ઓરડીએ ફ્રીજનું ઠંડુ પાણી ભરી લાવવાનું બહાનું કાઢી પોતાના આધારકાર્ડ અને જન્મનો દાખલો લઈને કયાંક જતી રહી ગુમ થયાનું યુવતિના પિતાએ ચલાલા પોલિસમાં જાહેર કરેલ છે.

સહિયારું મકાન ખાલી કરાવતા મનદુ:ખ રાખી

# બગસરા હુડકોમાં રહેતા પ્રૌઢ ઉપર હુમલો

**ભાણેજ સહિત બેએ પાવડો અને ઢીકાપાટું વડે મારમારી ધમકી આપી**

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર) બગસરા હુડકો વિસ્તારમાં રહેતા ધીરૂભાઈ બચુભાઈ સાકરીયા ઉ.વ. ૫૫ ના ભાણેજ ભરત હરજીભાઈ મકવાણા પાસેથી સહિયારું મકાન ખાલી કરાવેલ હોય. જે મનદુઃખ રાખી ભરતે ધીરૂભાઈને માથામાં પાવડાનો ઘા મારી સાત ટાંકા લાવી દિપક મકવાણા તથા એક અજાણ્યા શખ્સે પકડી રાખી ઢીકાપાટુંનો મુંઢમાર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના મોટાસરાકડીયામાં પરીણીતા ઉપર હુમલો

**પતિએ લાકડી અને ઢીકાપાટુંનો મારમારી ધમકી આપી**

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

ખાંભા તાલુકાના મોટા સરાકડીયા ગામે મનિષાબેન મુકેશભાઈ ચાવડા ઉ.વ. ૩૦ ને પતિ મુકેશે મનિષાબેન પાસે પૈસા ગણવા માંગેલ હોય. જેથી મનિષાબેને કહેલ કે તેમાંથી આપડી દિકરી આશાબહેનની સારવારમાં વપરાયેલ ગયેલ છે. તેમ કહેતા સારૂ નહી લાગતા ગાળો બોલી દોરડા તેમજ લાકડી વડે શરીરે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બગસરામાં ચેક રીટર્નના ૨ કેસમાં ૬ માસની સજા

બગસરા,

બગસરાના રહીશ અને વેપારી શ્રી અતુલભાઈ ફુલાભાઈ વસાણી.ની બાજુમાં આવેલ શીવબાબા રેસ્ટોરન્ટમાં કામ કરતા અને તેમના મિત્ર એવા શ્રી વિશાલભાઈ વિનુભાઈ ચૌહાણ, રે. બગસરા વાળાએ મિત્રતા ના નાતે અતુલભાઈ પાસેથી હાથ ઉછીની રકમ રૂ. સાડા ત્રણ લાખ ની રકમ થોડા સમય માટે ઉછીના લીધેલ હતી, ત્યાર બાદ અતુલભાઈએ આ રકમની ઉપરાણી વિનુભાઈ પાસે કરતા, સાડા ત્રણ લાખનો ચેક લખી આપેલ હતો. ચેક આપ્યા બાદ ખાતુ બંધ કરાવવામાં આવેલ હતું. આ ચેક અતુલભાઈને તેમના ખાતામાં વટાવવા માટે નાખતા ચેક એકાઉન્ટ કલોઝ થયેલ હોય. ચેક રીટર્ન થયો હતો. તેથી ફરિયાદીએ બગસરાના ચેક રીટર્નના સ્પેશ્યાલીસ્ટ અને સીનીયર એડવોકેટ રાજુભાઈ દેવલુક મારફત બગસરા કોર્ટમાં ચેક રીટર્નની ફરિયાદ દાખલ કરેલ હતી. તેમ છતા પણ ચેકની રકમ પરત આપવામાં આવેલ નહી. જેમાં એડવોકેટ દ્વારા પુરાવા તથા હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટના ચુકાદાઓ તાકી ધારદાર દલીલો કકરી હતી. તે બગસરાનાન જજ શ્રી એસ.એમ. પટેલ દ્વારા માન્ય રાખવામાં આવેલ. અને આરોપીને ૬ માસની કેદની સજા અને ચેકની રકમ ફરિયાદીને પરત ચુકવવા હુકમ કરવામાં આવેલ છે. જેથી બગસરાના વેપારી આલમમાં નોંધ લેવામાં આવેલ છે.

# અમરેલી જીલ્લામાં દેશી દારૂના ૩૧ દરોડા :૧૦ મહિલા સહિત ૨૦ ઝડપાયા

### સમગ્ર જીલ્લામાં પોલીસે દરોડા પાડી ત્રણ વાહન ચાલકો સહિત ૬૬ નસેડીઓને ઝડપી લીધા

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા ૩૧ સ્થળોએ દેશી દારૂના દરોડા પાડી ૧૦ મહિલાઓ સહિત ૨૦ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં અમરેલી , ખાંભા, મરીન પીપાવાવ, સાવરકુંડલા રૂરલ, જાફરાબાદ , વડિયા, દામનગર, લીલીયા, લાઠી, બગસરા, ધારી, અમરેલી રૂરલ, જાફરાબાદ મરીન, વંડા, બાબરા, રાજુલા, પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. જયારે જીલ્લામાં જુદા જુદા સ્થળોએ ત્રણ વાહન ચાલકો સહિત ૬૬ લોકોને નશો કરી રાજાપાઠમાં નીકળતા પોલિસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં જાફરાબાદ, ડુંગર, વડિયા, નાગેશ્રી, લીલીયા, અમરેલી સીટી, બગસરા, ધારી, સાવરકુંડલા રૂરલ, બાબરા, રાજુલા, સાવરકુંડલા શહેર, જાફરાબાદ, ચલાલા, મરીન પીપાવાવ, જાફરાબાદ મરીન, અમરેલી રૂરલ પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# કોટડાપીઠામાં ત્રણ દિવસથી વરસાદ : તળાવ છલકાયું

**શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડયો**

કોટડીપીઠા, (ગીરીશ મહેતા) બાબરાના કોટડાપીઠા સહિત આજુબાજુના ગામોમાં ત્રણ દિવસથી વરસાદ જામ્યો છે. આજે સાંજના સાડાચાર આસપાસ અડધા કલાકમાં બેઈંચ વરસાદ પડતાં રોડ ઉપર પાણી ફરી વળ્યા હતાં. વરસાદથી મગફળી ઘાસ ચારાને અને કપાસને નુકશાન થઈ રહ્યું છે. કોટડાપીઠાના ધોખીયારા તળાવ છલકાવા લાગ્યું છે.

# બગસરામાં મારમારવા બદલ મેઘાણી હાઈસ્કુલના આચાર્ય સામે ફરિયાદ

**વિદ્યાર્થીએ અગાઉ ધમકી આપેલી કે તમારા વિરૂધ્ધ પોલીસ કેસ કરીને નોકરીમાંથી કઢાવી મુકીશ**

બગસરા , (રૂપેશ રૂપારેલિયા) બગસરા મેઘાણી હાઈસ્કૂલનો વિદ્યાર્થી શાળામાં યોજાયેલા લોકડાયરમાં ગેરવર્તુણૂંક કરતો હોવાથી શાળાના આચાર્ય માર માર્યો હોવાની વિદ્યાર્થીના વાલીએ બગસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. જા કે આ અંગે શાળાના અચાર્યએ આ ફરીયાદ ખોટી હોય શાળાને બદનામ કરવા માટે કરવામાં આવી હોવાનુ જણાવ્યું હતુ. બગસરા મેઘાણી હાઈસ્કૂલમાં ધો.૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલીએ ફરીયાદમાં જણાવ્યું હતું કે, શાળાના અચાર્ય વિનોદ જેઠવાએ વિદ્યાર્થીને મૂંઢ માર મારી દિવાલ સાથે માથુ અથડાવી ઈજા કરી હતી. આ ફરીયાદ અંગે શાળાના અચાર્ય જેઠવાએ જણાવ્યું હતું કાર્યક્રમમાં વિદ્યાર્થી ખુબજ ગેરવર્તુણુંક કરતો હોય જેથી વારંવાર ટપારતા તેમણે ધમકી આપી હતી કે તમારા વિરૂધ્ધ પોલીસ કેસ કરીને નોકરીમાંથી કઢાવી મુકીશ. વિદ્યાર્થીના વાલી દ્વારા ખોટો કેસ ઉભો કરીને શાળાને બદનામ કરવાની કોશિષ કરવામાં આવે છે. શાળામાં અમુક વિદ્યાર્થીઓ કલાસમાં ગેરવતૂંણુક કરતા હોય ત્યારે આવા વિદ્યાર્થીઓને વાલીઓ છાવરતા હોવાની પણ ફરીયાદ ઉઠવા પામી છે.

# બનારસ હિન્દુ યુનિ.માં સ્વામીશ્રી માધવપ્રિયદાસજીનું



